ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૦ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલમાં ઓકિસજન ટેન્કની ક્ષમતામાં વધારો

અત્યારે હાલના સમયે એક એક હજારની પાંચ લીકવીડ ઓક્સિજન ટેન્ક કાર્યરત છે : સિવિલમાં ૮ હજાર લીટર લીકવીડ ઓકિસજન ટેન્ક ફીટ કરાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ટુંક સમયમાં ૮ હજાર લીટરની ઓકિસજનની ટેંન્ક ફીટ કરવામાં આવશે. અત્યારે હાલના સમયે એક એક હજારની પાંચ ઓક્સિજનની ટેંક ફીટ છે. અત્યારે હાલ પાંચ ટેંકમાંથી ૩૫ લાખ લીટર લીકવીડ ઓકિસજન દર્દીઓને પુરો પાડવામાં આવે છે. ત્યારે તંત્ર દ્વારા સિવિલની ઓકિસજનની ક્ષમતામાં અચાનક તોંતિગ વધારો કરી દેવાયો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં છેલ્લા ૭ માસથી કોરોના પોઝીટીવ અને સસ્પેકટેડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. દિવાળીના દિવસો પછી કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાલેયી જોવા મળતી હતી. અંદાજીત ૨૫૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હતા. જયારે કોરોનામાં શ્વાસ લેવામાં તકલીફ થતા મોટાભાગના દર્દીઓને ઓકિસજનની જરુર પડે છે. જેને પગલે સિવિલમાં હાલ ઓકિસજનની માંગમાં વધારો થયો છે. જેથી સિવિલ તંત્ર પાસે એક એક હજાર લીટરની પાંચ ટેન્ક કાર્યરત છે. જેમાંથી ૩૫ લાખ લીટર લીકવીડ ઓકિસજન મેળવી શકાય છે. ત્યારે સિવિલમાં હજુ ૮ હજાર લીટર લીકવીડ ઓકિસજન ટેન્ક ફીટ કરવામાં આવનાર છે. જેને પગલે સંબંધિત અધિકારીઓએ સ્થળની ચકાસણી પર કરી દીધી છે. જયારે ટેન્ક ફીટ કરવાની હોવાથી અન્ય વિભાગને પણ જરુરી સુચના આપી દેવામાં આવી છે. જયારે ૮ હજાર લીટરની ટેન્ક ફીટ કર્યા બાદ સિવિલ તંત્રને ૯૧ લાખ લીટર લીકવીડ ઓકિસજન તમામ ટેન્કનો મળી રહેશે. સિવિલ તંત્રએ અઢી ગણી ઓકિસજન ક્ષમતામાં વધારો કર્યો છે. સિવિલ તંત્ર દ્વારા ઓકિસજનની ઘટ ના સર્જાય તે માટે પુરતી વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. જયારે હાલના સમયે હોસ્પિટલમાં કેટલાક અન્ય જરુરી સ્થાનોમાં ઓકિસજનની લાઈન અને પોઈન્ટ નાંખવાની કામગીરી પણ કરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવ્યું છે.

પતિ સહિત સાસરીના ૬ સભ્યો સામે શારીરીક-માનસિક ત્રાસની મહિલાની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરને અડીને ન્યુ વાવોલ ખાતે રહેતા ભાવનાબેન ગોંવિદભાઈ દેસાઈના લગ્ન સમાજના રીતિ રીવાજ મુજબ વર્ષ ૨૦૧૩ માં પાટણ જિલ્લાના મોટી પીંપળી ગામના પ્રભાતભાઈ પુનાભાઈ દેસાઈ સાથે થયા હતા. લગ્ન પછી ફરીયાદી દરદાગીના, કરીયાવર, લઈ સાસરીપક્ષે આવ્યા હતા. જયાં તેઓ પતિ, સાસુ, સસરા, બે દિયર અને ત્રણ નણંદના સંયુકત પરિવારમાં રહેતા હતા. લગ્નના પ્રારંભિક તબક્કામાં સાસરીવાળાએ સામાન્ય રાખ્યા પછી પતિએ વાત કરવાનું બંધ કરી બહાર જતો રહેતો હતો અને બે ચાર દિવસ પછી પરત ફરતો હતો. જયારે ફરીયાદી મહિલાના નણંદ ગીતા બહેનની સગાઈ તેણીના ભાઈ સાથે થઈ હતી. જો કે સાસુ મેણા-ટોણા મારતા હતા કે ગીતાને તારા ભાઈ સાથે પરણાવવાની નથી, જેથી તુ પણ ઘર છોડીને જતી રહે. ફરીયાદી મહિલાએ ઘર ન છોડતા સાસરીપક્ષના સભ્યોએ ગમે તે પ્રકારે ત્રાસ આપી માનસિક ટોર્ચર કરતા હતા. તેઓ પતિની ચઢામણી તે પણ બધા વચ્ચે ગાળાગાળી કરી માર મારતો હતો. પતિ તુ મને ગમતી નથી અને મારે તારી કોઈ જરૂર નથી, જો તુ બળજબરીથી અહીંયા રહીશ તો જાનથી મારી નાંખીશ. ફરીયાદી વર્ષ ૨૦૧૫-૧૬ માં પિયરમાં આવ્યા હતા. તે દરમિયાન તેમના વડસાસુનુ અવસાન થતા તેણીના ભાઈ સાસરી માં મુકી ગયા હતા. તે સમયે પતિ નાઈટ ડયુટી હોવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો અને ૧૫ દિવસ પતિ રાત્રે ઘરે આવ્યો ન હતો. ત્યારબાદ સાસરીવાળાએ પણ સરખો વ્યવહાર ન કરતા મહિલા ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ મહિલાના પરિવારે ફોન કરીને તેડી જવા માટે કહેતા અપમાન કર્યુ હતું. જેથી મહિલાના પરિવારે સમાજરાહે સમાધાનના અનેક પ્રયાસો કરવા છતા મહિલાનો પતિ અને સાસરીપક્ષના સભ્યો એક ના બે થયા ન હતા. ઘણા પ્રયાસ બાદ આખરે મહિલાએ પતિ, સાસુ, સસરા, દિયર અને નણંદો સહિત કુલ ૬ વ્યકિત સામે ફરીયાદ નોંધાવી હતી. મહિલા પોલીસે શારીરીક માનસિક ત્રાસ, મારઝુડ, કરી જાનથી મારી નાંખવા અંગે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી હતી.

સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના કર્મીઓ સાત મહિનાથી ખડે પગે કાર્યરત

ગાંધીનગર, તા.૨૩

કોરોનાનો વિકરાળ પંજો ભલભલાને ઝપટમાં લઈ રહ્યો છે ત્યારે સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ સતત સાત મહિનાથી ખડે પગે રહ્યા છે અને કોરોના સામેનો જંગ બહાદુરીપૂર્વક લડી રહ્યા છે. કોરોનાના ટેસ્ટ કરતા સમયે ધ્યાનમાં આવેલ અન્ય ગંભીર બિમારીના દર્દીઓ શોધી તેમની સારવાર કરવામાં સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ અગ્રેસર રહ્યો છે.

કોરોના વાયરસે શહેર-જિલ્લામાં રીતસર કહેર મચાવ્યો છે. દરરોજ સંખ્યાબંધ કેસો સામે આવી રહ્યા છે ત્યારે હોસ્પિટલોમાં કાર્યરત મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફ ખરા અર્થમાં કોરોના વોરીયર્સ બની રહ્યા છે. ગાંધીનગર કોર્પોરેશન દ્વારા સંચાલિત સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરનો સીત્તેર જણાનો સ્ટાફ સતત સાત મહિનાથી કોરોના

ટેસ્ટીંગ સહિતની કામગીરી ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરી રહ્યો છે. છેલ્લા સાત મહિનાનો કટોકટીભર્યો સમય તેઓએ હેલ્થ સેન્ટરમાં જ પસાર કરી દર્દીઓની ખડે પગે સેવા કરી છે.

સવારથી જ આ સેન્ટરની બહાર દર્દીઓની લાંબી લાંબી કતારો કોરોનાના રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે લાગી જાય છે. ચેપનું સતત જોખમ હોવા છતાં તેઓ ફરજચૂક કરતા નથી કે કંટાળતા નથી. કોવિડની ડયુટી દરમિયાન ઘણા બધા સ્ટાફને કોરોનાનો ચેપ લાગ્યો હતો પરંતુ આ બધો જ સ્ટાફ થોડાક દિવસની સારવાર બાદ સ્વસ્થ થઈ ફરી કોરોના સામે જંગે ચઢી ગયો છે.

સાત સાત મહિનાની લાંબી લડાઈમાં સ્ટાફે પોતાના પરિવારથી દૂર રહેવાની વેદના સહી છે તો પરિવાર સાથે તહેવારોનો આનંદ માણવાનું પણ ભૂલ્યા છે. આ સેન્ટર જ જાણે તેમના માટે બીજું ઘર બની ગયું છે. નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોની ઉજવણી પણ સ્ટાફે પોતાના પરિવાર સાથે નહીં પરંતુ હેલ્થ સેન્ટરમાં જ કરી હતી. કોરોના પોઝીટીવ હોય તેવા દર્દીઓના ટેસ્ટીંગથી લઈને ટ્રીટમેન્ટ સુધીની કામગીરી આ સ્ટાફ ખૂબ જ ખંતપૂર્વક કરી રહ્યો છે. ખાસ કરીને હોમ હાઈસોલેશનમાં હોય તેવા દર્દીઓની સારવાર અને તેમનું ફોલોઅપ નિયમિત રીતે લેવામાં આવે છે. નિષ્ઠાપૂર્વક કામ કરતા સ્ટાફને તેમના દર્દીઓ તરફથી પણ ખૂબ જ સારો સહયોગ મળી રહ્યો છે.

દર્દીઓ તેમની નાની મોટી તકલીફ અંગે સ્ટાફને વિના સંકોચ તે ગમે ત્યારે જાણ કરી શકે છે. હોમ આઈસોલેશનમાં રહેલા ઘણા દર્દીઓ આ રીતે સારવાર મેળવી સ્વસ્થ થયા છે.

કોરોનાના ટેસ્ટીંગ સમયે ધ્યાનમાં આવેલી ટીબીના ચેપ જેવી ગંભીર બિમારીઓ પણ ઘણા દર્દીઓમાં શોધી શકાઈ છે. આવા દર્દીઓનો રીપોર્ટ નેગેટીવ હોય તો પણ તેઓને જે તે રોગની આગળની સારવાર માટે માર્ગદર્શન અપાય છે અને તેનું સતત ફોલોઅપ લેવાય છે. સાત મહિનાથી અવિરત ચાલુ રહેલી તેમની ડયુટી હવે વધુ પડકારજનક બની છે. વધુ તૈયારી સાથે આ કોરોના વોરીયર્સે કોરોના સામેનો જંગ જીતવાની તૈયારી આરંભી છે.

માસ્ક વિના ફરતા ૭૪,૧૫૦ નાગરીકો પાસેથી ૧.૯૬ કરોડનો દંડ વસુલાયો

૨૧૦૦ થી વધુ જાહેરનામા ભંગના ગુના નોંધી ૪૮૩૦ વ્યકિતની અટકાયત કરી, ૪૯૭૪ વાહનો ડીટેઈન કર્યા, જેમાં વાહન છોડાવવા આવેલા ૪૮૫૦ વાહન માલિકો પાસેથી ૩.૫૩.૪૯ લાખથી વધુ રકમની વસુલાત

ગાંધીનગર, તા.૨૩

કોરોનાએ વૈશ્વિક કક્ષાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે કોરોનાનો પ્રથમ કેસ ગાંધીનગરમાં માર્ચ મહિનામાં નોંધાયો હતો. કોરોનાનો કેસ પાટનગરમાં નોંધાતા જ આરોગ્ય તંત્ર સફાળુ જાગી ગયું હતુ અને કામગીરી પુરજોશમાં શરુ કરી દીધી હતી. તંત્ર દ્વારા સૌ પ્રથમ કોરોનાથી નાગરીકોને જાગૃત કરવામાં આવ્યા હતા. જેમાં નાગરીકોને મોંઢા પર માસ્ક પહેરવું, સાબુથી વારંવાર હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો, સોશ્યિલ ડિસ્ટન્સ જાળવવુ, ૪ થી વધુ નાગરીકોએ એકઠા ન થવુ તેવી અપીલ તંત્ર દ્વારા કરવામાં આવતી હતી.તેમ છતા કેટલાક નાગરીકો સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યા વિના એકઠા થયા હોય તેમજ મોંઢા પર માસ્ક ન પહેર્યું હોય તેવા કિસ્સામાં પોલીસ તંત્ર દ્વારા જાહેરનામા ભંગના ગુના હેઠળ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૭ મહિનામાં માસ્ક વિના ફરતા ૭૪,૧૫૦ વ્યકિતઓ પાસેથી રૂ.૧.૯૬ કરોડનો દંડ વસુલવામાં આવ્યો છે. જયારે દિવાળી પછી કોરોનાના કેસ વધતા પોલીસે તા.૧૬ થી ૨૨ નવેમ્બર દરમિયાન ૭૨૮ વ્યકિત પાસેથી રૂ.૭.૨૮ લાખના દંડની વસુલાત કરી છે. જયારે પોલીસ તંત્રએ અત્યાર સુધીમાં જાહેરનામા ભંગના કુલ ૨૧૦૦ થી વધુ ગુના નોંધાયા છે જેમાં ૪૮૩૦ નાગરીકોની અટકાયત કરાઈ હતી. પોલીસ તંત્રએ કોરોના સમયમાં હાલના સમય સુધી ૪૯૭૪ વાહનો ડીટેઈન કર્યા હતા. જેમાંથી ૪૮૫૦ વાહન માલિકો પોતાના વાહનો પરત લઈ ગયા છે. પોલીસે તેમની પાસેથી પણ રૂ.૫૩.૪૯ લાખનો દંડની વસુલાત કરાઈ છે.

જન્મદિને વધામણી

કથન ત્રિવેદી
મો. ૯૭૧૨૯ ૩૭૧૦૨

નારાયણ વિ મોદી
પૂર્વ સચિવ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગ
મો. ૯૪૨૯૩ ૮૯૫૧૯

દૃષ્ટિ જતીનભાઈ દવે
મો. ૮૧૫૪૯ ૮૩૮૪૮

નભ્ય જૈવિક શાહ
મો. ૯૮૨૪૬ ૨૨૧૩૧

વિશ્રુત્તિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

તેજલ જોગેન ટાંક
મો. ૯૯૦૪૮ ૩૭૧૧૫



ગૌરવ ધીરેન્દ્ર પરમાર
મો. ૯૮૨૪૬ ૨૧૧૪૨

રીવા સંકેત ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૫

વિકાસ રાજગોર
રાધે-રાધે પરિવાર

નિતેષ પ્રજાપતિ
રાધે-રાધે પરિવાર

બે દિવસ બસ સેવા બંધ રહેતા એસ ટી ડેપોને ૩ લાખનું નુકશાન

ગાંધીનગર, તા.૨૩

કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા માટે અમદાવાદમાં કરફ્યુ લાદી દેવામાં આવ્યું હતું જેને પરિણામે ગાંધીનગરથી અમદાવાદ અવર જવર કરતી શહેરી બસ સેવાને બંધ કરી દેવામાં આવી હતી. આથી એસ ટી ડેપોને ૨ દિવસમાં ૩ લાખની આવકનું નુકશાન થયું છે.

કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે દોડતી પોઈન્ટની તેમજ સિવિલ, બાપુનગર, મેઘાણીનગર, પોલીટેકનીક, સરખેજ, નારણપુરા, પાલડી, ગીતા મંદિર, વાસણા, લાલદરવાજા સહિતની એસ ટી બસ સેવાને બંધ કરી દીધી હતી. આથી ગાંધીનગર ડેપોમાંથી દરરોજની એસ ટી બસની ૫૪૦ ટ્રીપો કેન્સલ કરી દેવાતા આવક ઉપર ફટકો પડ્યો છે.ગાંધીનગર એસ ટી ડેપોના મેનેજર કિર્તનભાઈ પટેલે જણાવ્યું છે કે કોરોનાના અનલોકમાં એસ ટી ડેપોમાંથી અમદાવાદ અને ગ્રામ્ય તેમજ લાંબા અંતરની બસ સેવા શરૂ કરી હતી. આથી ડેપોને દરરોજ રૂપિયા ૨.૯૦ લાખની આવક થતી હતી.

જેમાંથી ગાંધીનગરથી અમદાવાદ વચ્ચેની એસ ટી બસની ટ્રીપોની દરરોજ રૂપિયા ૧ લાખની આવક થાય છે. જ્યારે રૂપિયા ૫૦ હજારની આવક અન્ય લાંબા અંતરની એસ ટી બસો જે વાયા અમદાવાદ થઈને જતી હતી તેની થાય છે. આમ ૨ દિવસ બસ સેવા બંધ રહેતા એસ ટી ડેપોની આવકમાં રૂ. ૩ લાખનું નુકશાન થયું છે.

સે-૨૫માં વર્ષો જૂના કાટમાળને હટાવવા સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૨૫માં આવેલી સોસાયટી પાસે છેલ્લા ઘણા વર્ષોથી કાટમાળ બિસ્માર હાલતમાં પડેલો છે. જેના લીધે આ વિસ્તારમાં વસવાટ કરતાં રહીશોને જીવજંતુનો ભય સતાવી રહ્યો છે તેમજ કાટમાળની આસપાસ વનસ્પતિ ઉગી નીકળતા ગંદકીમાં પણ વધારો થઇ રહ્યો છે. કાટમાળને હટાવવા માટે વર્ષોથી રજુઆતો કરવા છતાં તે અંગે કોઇ કામગીરી નહીં કરતાં તંત્ર સામે પણ રોષ ઉભો થયો છે.

શહેરને સ્વચ્છ રાખવા માટે વિવિધ અભિયાનો થકી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે શહેરના ઘણા વિસ્તારોમાં વર્ષો જુનો કાટમાળ અને ભંગાર પડેલો છે જેનો નિકાલ નહીં કરતા તે વિસ્તારમાં ગંદકીનો ઉપદ્રવ પણ વધી જવા પામતો હોય છે ત્યારે સેકટર-૨૫માં આવેલી સોસાયટીના પ્રવેશ દ્વારે છેલ્લા ઘણા વર્ષોથી ભંગારનો માલસામાન કાટમાળ સ્વરૂપે પડેલો છે. તેનો નિકાલ નહીં થતાં કાટમાળની આસપાસ જંગલી વનસ્પતિ ઉગી નિકળવાની સાથે સાથે ગંદકીમાં પણ વધારો થઈ રહ્યો છે. તેના પગલે જીવજંતુ આ વિસ્તારમાં ભરાઈ રહેતાં હોય છે. વસાહતી વિસ્તાર પાસે હોવાના કારણે ઝેરી જીવજંતુનો ભય પણ સ્થાનિક રહિશોને સતાવી રહ્યો છે. છેલ્લા દસ વર્ષથી તેનો યોગ્ય નિકાલ થાય તે માટે તંત્ર સમક્ષ અવાર નવાર રજૂઆતો કરવા છતાં તે અંગે કોઇ કામગીરી કરવામાં નહી આવતાં દિનપ્રતિદિન આ વિસ્તારમાં ગંદકી પણ વધી રહી છે જેથી મચ્છરોનો ઉપદ્રવ પણ સતાવી રહ્યો છે. તંત્ર દ્વારા સત્વરે આ કાટમાળને હટાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. નાયક તારાબેન ગીરધરલાલ, ઉ.વ. ૬૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ચંદ્રવદન મનુપ્રસાદ પાદ્યા, ઉ.વ. ૫૯, પાલનપુર, જી. બનાસકાંઠા
- સ્વ. વૈદ્ય સીતાબેન કાન્તીલાલ, ઉ.વ. ૮૭, માણેકપુરા, તા.માણસા
- સ્વ. ઠાકોર દુર્શરામ દશરથજી, ઉ.વ. ૪, વાવોલ, જી. ગાંધીનગર
- સ્વ. પદુમનભાઈ રમણલાલ મહેતા, ઉ.વ. ૮૨, મહેસાણા, જી. મહેસાણા
- સ્વ. ત્રિકમલાલ રામદાસ પટેલ, ઉ.વ. ૮૨, શોભાસણ, તા. માણસા
- સ્વ. બટુકભા બાલુભા પરમાર, ઉ.વ. ૭૦, સેકટર-૩૦, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. જથલ કમલેશ મુગટલાલ, ઉ.વ. ૭૪ , સેકટર-૮, ગાંધીનગર

આઈઆઈટીઈ દ્વારા ઈન્ટરનેટ રેડિયો સ્ટેશન 'ટીચર્સ ટ્યૂન'ની શરૂઆત

આઈઆઈટીઈનો ત્રીજો પદવીદાન સમારંભ ડિસેમ્બરમાં યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશનનો ત્રીજો પદવીદાન સમારંભ આવતા મહિને ડિસેમ્બર-૨૦૨૦માં યોજવામાં આવશે જેમાં ટીચર યુનિવર્સિટીમાંથી વિવિધ કોર્સમાં અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલાં ૧૫૨ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક પદવીઓ એનાયત કરવામાં આવશે. આઈઆઈટીઈ દ્વારા શિક્ષક પ્રશિક્ષણ સાથે સંકળાયેલા તમામ હિતધારકો અને બૃહદ સમાજમાં શીખવાની પ્રક્રિયા સાતત્યપૂર્ણ રીતે જળવાઈ રહે તે માટે એક ઈન્ટરનેટ રેડિયો સ્ટેશન—'ટીચર્સ ટ્યૂન'ની સ્થાપના કરવામાં આવી છે. આ રેડિયો સ્ટેશન પર સોમવારથી શનિવાર દરરોજ સાંજે સાત વાગ્યાથી વિવિધ કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

સોમવારે મળેલી આઈઆઈટીઈની જનરલ કાઉન્સિલની બીજી મીટિંગમાં યુનિવર્સિટી દ્વારા ગત એક વર્ષમાં કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને ભાવી આયોજનોને ચર્ચા બાદ મંજૂરી આપવામાં આવી હતી. આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, "છેલ્લાં એક વર્ષમાં આઈઆઈટીઈએ શિક્ષક પ્રશિક્ષણ વિદ્યાશાખા માટે ઘણી નવી પહેલ કરી છે. શિક્ષક વિદ્યાશાખામાં પ્રબંધન વ્યવસ્થાઓને સઘન બનાવવા માટેની માળખાકીય રૂપરેખાના અમલીકરણની દિશામાં નોંધપાત્ર કામ થયું છે. આ ઉપરાંત શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમને દેશમાં શિક્ષણ ક્ષેત્રે આવનારા પરિવર્તનોને ધ્યાનમાં રાખી નવેસરથી તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આઈઆઈટીઈ પોતાની સામાજિક જવાબદારીને ધ્યાનમાં રાખીને પણ ઘણા પ્રકલ્પો હાથ ધર્યા છે."

આ ઉપરાંત જનરલ કાઉન્સિલની બેઠકમાં આઈઆઈટીઈ દ્વારા ૧૯ નવેમ્બરથી શરૂ કરવામાં આવેલા ઈન્ટરનેટ રેડિયો સ્ટેશન વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

જનરલ કાઉન્સિલની મીટિંગ વિશે માહિતી આપતા આઈઆઈટીઈના રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું, "જનરલ કાઉન્સિલની આ મીટિંગમાં રાજ્ય સરકારના પ્રતિનિધિઓ, યુનિવર્સિટીના પદાધિકારીઓ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. મીટિંગમાંગત વર્ષ દરમિયાન યુનિવર્સિટીમાં થયેલાં વિવિધ કામોની સમીક્ષા કરવામાં આવી અને તેમને મંજૂર કરવામાં આવ્યાં." આઈઆઈટીઈ તેમાં કાર્યરત સ્ટાફની સરેરાશ ઉંમરના સંદર્ભે રાજ્યની સૌથી યંગેસ્ટ (યુવા સ્ટાફ ધરાવતી) યુનિવર્સિટી છે.